આજે રાજ્યમાં ૩૭૧ ઉમેદવારનું ભાવિ ઘડાશે

રાજ્યમાં ૪.૫૧ મતદારો : શહેરી મતદાન મથકોની સંખ્યા ૧૭૪૩૦ અને ગ્રામ્યની સંખ્યા ૩૪૪૨૧ છે

ગાંધીનગર

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો માટે પ્રચાર શાંત થયો છે અને હવે ૨૩મી એપ્રિલે મતદાન થવાનું છે. રાજ્યમાં કુલ ૩૭૧

ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. લોકસભા સાથે વિધાનસભાની ચાર બેઠકોની પેટાચૂંટણી થવાની છે તેમાં કુલ ૪૫ ઉમેદવારો છે. ગુજરાતમાં કુલ મતદારો ૪૫૧૫૨૩૭૩ છે જે પૈકી ૨૩૪૨૮૧૧૯ પુરૂષ અને ૨૧૬૯૬૫૭૧ મહિલા મતદારો છે. ત્રીજી જાતિના મતદારોની સંખ્યા ૯૯૦ છે. સેવા મતદારોની સંખ્યા ૨૬૬૯૩ થવા જાય છે.

એક લાખ લોકોએ મતદાન કર્યું છે

ચૂંટણી પંચે ૧૯મી મે સુધી એક્ઝિટ પોલ અને મતદાન પૂર્ણ થવાના કલાક સાથે છેલ્લા ૪૮ કલાક દરમ્યાન ઓપિનિયન પોલ પર પ્રતિબંધ મૂક્યો છે. મતદાન પહેલાં રાજ્યના તમામ જિલ્લામાં મતદાર સુવિધા કેન્દ્રો મારફતે ટપાલ મતદાન પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી જેમાં ૧૦૦૩૩૬ જેટલા પોલીસ અને હોમગાર્ડ સહિતના કર્મચારીઓએ મતદાન કર્યું છે.

રાજ્યના નિર્વાચન અધિકારી એસ મુરલી કિશ્નાએ જણાવ્યું હતું કે રાજ્યમાં કુલ મતદારો પૈકી ૧૮-૧૯ વર્ષની વયના મતદારોની સંખ્યા ૧૦૦૬૮૫૫ છે. દિવ્યાંગ મતદારોની સંખ્યા ૧૬૮૦૫૪ છે અને ૩૬૦૨૨ લોકોને દ્રષ્ટિની અશક્તતા છે. મતદારો માટે ચૂંટણી પંચે ઢોળાવવાળા રેમ્પની વ્યવસ્થા કરી છે. મતદાન મથકે પાણી, વ્હિલચેર અને પાર્કિંગની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

૫૪૪ કરોડની ચીજવસ્તુ જપ્ત

ચૂંટણી ખર્ચ નિયંત્રણ માટે નિમાયેલ વિવિધ ટીમ અને રાજય આબકારી અને નશાબંધી વિભાગ દ્વારા અત્યાર સુધીમાં ૫૨૪.૩૪ કરોડની કિંમતનું અંદાજે ૧૩૦.૭૩ કિલો જેટલું ડ્રગ્સ, ૧૧.૧૩ કરોડનો ૩.૯૦ લાખ લિટર દારૂ તેમજ કુલ ૭.૫૮ કરોડ રોકડ અને ૧.૮૮ કરોડનું સોનું-ચાંદી જપ્ત કરવામાં આવેલ છે. આમ કુલ જપ્ત થયેલ રોકડ/વસ્તુઓની કુલ રકમ ૫૪૪.૯૪ કરોડ થાય છે.

મતદાન મથકો અંગે તેમણે કહ્યું કે ગુજરાતમાં શહેરી મતદાન મથકોની સંખ્યા ૧૭૪૩૦ અને ગ્રામ્ય મતદાન મથકોની સંખ્યા ૩૪૪૨૧ છે. બન્ને મળીને કુલ ૫૧૮૫૧ મતદાન મથકો છે. આ મથકો રાજ્યની કુલ ૨૯૧૫૫૮ ઈમારતોમાં આવેલા છે. ચૂંટણી પંચે ૨૨૩૭૭૫ કર્મચારીઓની પોલીંગ સ્ટાફ તરીકે નિયુક્તિ કરી છે. ૫૭૦૦૦ પ્રિસાઈડીંગ ઓફિસરો છે. એ ઉફરાંત ૫૧૪૫

૫૬૯૦૭ હથિયાર જપ્ત કર્યા છે

રાજ્યભરમાંથી ૫૬૯૦૭ પરવાનેદાર હથિયાર ધારકો પૈકી ચૂંટણીઓ જાહેર થયા બાદ રાજ્યમાં ૫૧૯૯૫ જેટલાં હથિયારો પોલીસ સ્ટેશનમાં જમા કરાવાયા છે. તેમજ રાજ્યમાં ચૂંટણીની જાહેરાત પછી તકેદારીનાં ભાગરૂપે ૬૭૪૧૭ બિનજામીનપાત્ર વોરંટ બજાવવામાં આવ્યા છે. જ્યારે ૩૦૩૩૭૭ વ્યક્તિઓ સામે વિવિધ સીઆરપીસી એક્ટ હેઠળ અટકાયતી પગલાં લેવાયા છે.

માઈક્રો ઓબ્ઝર્વર અને ૬૧૬૪ સેક્ટર ઓફિસરોની નિયુક્તિ કરવામાં આવી છે. મતદાન દરમ્યાન ૧૯૫૦ નંબર પર કોઈપણ વ્યક્તિ ફરિયાદ આપી શકે છે.

કોંગ્રેસમાં હાર્દિક પટેલને રાષ્ટ્રીય યુવા પ્રમુખ બનાવવામાં આવે તેવી સંભાવના

ગાંધીનગર

કોંગ્રેસના યુવા નેતા હાર્દિક પટેલને પાર્ટીમાં રાષ્ટ્રીય યુવા પ્રમુખ બનાવવાની હિલચાલ શરૂ થઈ છે. હાર્દિક સ્ટાર પ્રચારક હોવાથી તેને આ પદ મળી રહ્યું છે. તે સ્પષ્ટ વક્તા છે તેમજ અસરકારક પ્રવચનો કરે છે. પાટીદાર અનામત આંદોલન દરમ્યાન હાર્દિક પટેલે જે જનસભાઓ કરી હતી તેમાં તેની આક્રમક વાણીને ધ્યાને લઈને આ પદ આપવામાં આવી રહ્યું છે.

ગુજરાતમાં છેલ્લા ચાર વર્ષમાં ત્રણ યુવા નેતાઓની કારકિર્દી શરૂ થઈ હતી જેમાં હાર્દિક પટેલ, ઠાકોર સેનાના પ્રમુખ અલ્પેશ ઠાકોર અને દલિત યુવા નેતા જીજ્ઞેશ મેવાણીનો સમાવેશ થાય છે. આ ત્રણેય નેતાઓ ગુજરાતની ૬૦ ટકા વસતીને અસર કરે છે.

અલ્પેશ ઠાકોરે કોંગ્રેસમાંથી રાજીનામું આપીને તેની કારકિર્દી પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. હવે તેનો ઠાકોર સમાજ પણ તેની સાથે નથી. લોકસભા પછી તેણે તેની સ્ટેટેજી બદલવી પડશે. જીજ્ઞેશ મેવાણી તેના દલિત સમાજનો આજે પણ હિરો છે. તે ધારાસભ્ય છે. તેના સમાજ માટે તે કામ કરે છે પરંતુ સાથે સાથે તે એક્ટિવિસ્ટ છે, જ્યારે હાર્દિક પટેલના કોંગ્રેસ પ્રવેશ પછી તેનું સ્થાન વધી ગયું છે. રાહુલ ગાંધીની ઉપસ્થિતિમાં તે કોંગ્રેસમાં જોડાયો હતો. તેને ઓલ ઈન્ડિયા યુથ કોંગ્રેસની જવાબદારી સોંપવામાં આવી શકે છે, કારણ કે માત્ર ગુજરાતનો જ નહીં રાષ્ટ્રીય નેતા તરીકે ઉભર્યો છે.

કોંગ્રેસમાંથી અલ્પેશ ઠાકોરની વિદાય પછી હાર્દિક પટેલે લોકસભામાં અસંખ્ય જનસભાઓ કરી છે. તેની તમામ સભાઓ અસરકારક રહી હોવાનું કોંગ્રેસના હાઈકમાન્ડને લાગ્યું છે તેથી તેને રાષ્ટ્રીય જવાબદારી આપવામાં આવે તેવી સંભાવના છે. હાર્દિકનું જમા પાસુ એ છે કે તે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહની વિરૂદ્ધમાં પણ બોલી શકે છે.

અદાલતના આદેશના કારણે હાર્દિક લોકસભાની ચૂંટણી લડી શક્યો નહીં પરંતુ તેને રાજ્યભરમાં કોંગ્રેસ માટે મહેનતથી ચૂંટણી પ્રચાર કર્યો છે. બીજી તરફ અલ્પેશ ઠાકોર કોંગ્રેસ છોડ્યા પછી લોકસભામાં માત્ર બે જનસભાઓ કરી શક્યો છે. ગુજરાતમાં પ્રચાર શાંત થયા પછી હાર્દિક પટેલ રાજસ્થાન, બિહાર, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં સભાઓ કરશે.

અમદાવાદ પૂર્વ બેઠક પર ત્રણ પાટીદારો વચ્ચે જંગ, ભાજપ ચિંતિત

અમદાવાદ પૂર્વની બેઠક પર ત્રણ પાટીદાર ઉમેદવારો વચ્ચે જંગ છે. આ બેઠક ઉપર ગઈ ચૂંટણીમાં ફિલ્મસ્ટાર પરેશ રાવલ જીત્યા હતા પરંતુ ભાજપે આ વખતે ઉમેદવાર બદલ્યા છે. ભાજપની જેમ કોંગ્રેસે પણ ઉમેદવાર બદલ્યા છે અને આ બેઠક પર મહિલા ઉમેદવારને ઉતાર્યા છે.

અમદાવાદ પૂર્વ બેઠક પર ભાજપ અને કોંગ્રેસનાં પાટીદાર ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે. ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીની ચિંતા એ છે કે આ બેઠક પર ભાજપનો વિજય થવાનો છે પરંતુ પાર્ટીના ઉમેદવારની સરસાઈ ઓછી થશે, કારણ કે સામે મહિલા પાટીદાર ઉમેદવાર છે. પાટીદાર સમાજના આગેવાનો સાથે તેઓએ બેઠકો શરૂ કરી છે. આ બેઠક પર વિશ્વ હિન્દુ પરિષદના પૂર્વ નેતા પ્રવિણ તોગડિયાએ પણ તેમનો ઉમેદવાર ઉભો રાખ્યો છે તેથી ભાજપને ભય છે. તેમણે પણ પાટીદાર ઉમેદવાર ઋષિ વેકરિયાને ટિકીટ આપી છે. ભાજપે સંઘના આગેવાનો અને પાટીદાર આગેવાનોને સમજાવવાના પ્રયાસો શરૂ કર્યા છે. તોગડિયાના જે ઉમેદવાર છે તે ભાજપની સાથે હતા તેથી ભાજપને વધારે ચિંતા છે. ભાજપને કોંગ્રેસના મહિલા ઉમેદવારનો પણ ડર છે. અમદાવાદ પૂર્વની બેઠક પર ત્રિપાંખિયો જંગ છે અને ત્રણેય પાટીદાર ઉમેદવારો છે.

અમદાવાદ પૂર્વમાં કુલ ૨૬ ઉમેદવારો મેદાનમાં છે. ભાજપે આ બેઠક પર હસમુખ પટેલ અને કોંગ્રેસે આ બેઠક પર ગીતા પટેલને મેદાનમાં ઉતાર્યા છે. આ બેઠક પર બહુજન સમાજ પાર્ટીએ પણ ઉમેદવાર ઉભો રાખ્યો છે. આ બેઠકમાં કુલ ચાર મહિલા ઉમેદવારો છે. અમદાવાદ પૂર્વની બેઠક પર છેલ્લા ૩૫ વર્ષથી ભાજપના ઉમેદવાર જીતે છે. આઠ લાખ ઓબીસી અને ચાર લાખથી વધારે પાટીદાર મતદારો છે. આ બેઠક પર ત્રણ લાખ દલિત મતદારો છે.

ફિલ્મ એક્ટ્રેસ અમિષા પટેલે કોંગ્રેસનો પ્રચાર કર્યો, વખાણ ભાજપના કર્યા

ગાંધીનગર

ગુજરાતમાં ફિલ્મ એક્ટ્રેસ અમિષા પટેલ કોંગ્રેસના ચૂંટણી પ્રચારમાં આવી હતી પરંતુ તેણે ચૂંટણી રોડ શોમાં ભાજપના વખાણ કરતાં કોંગ્રેસના આગેવાનોને આશ્ચર્ય થયું હતું. અમિષાએ

કોંગ્રેસના ઉમેદવાર સાથે બેસીને ભાજપની પ્રસિદ્ધિ કરી હતી.

ગુજરાતના વડોદરામાં આવેલી અમિષા પટેલે કહ્યું હતું કે ગુજરાતે જે પ્રગતિ કરી છે તે પ્રશંસાને લાયક છે. ગુજરાતની જેમ અન્ય રાજ્યો પણ પ્રગતિ કરે તો દેશનો ચહેરો બદલાઈ શકે છે. ગુજરાતમાં કોંગ્રેસના આગેવાનો ભાજપની સરકારના વિરોધમાં ભાષણો કરે છે ત્યારે ફિલ્મ એક્ટ્રેસ ભાજપના વખાણ કરે છે. કોંગ્રેસના આ સ્ટાર પ્રચારક ઉપર સવાલ ઉભા થયા છે. ફિલ્મી ચહેરા જ્યારે રાજકારણમાં આવે છે ત્યારે તેમને પરિસ્થિતિની કોઈ માહિતી હોતી નથી તેથી પાર્ટીને શરમ અનુભવવી પડે છે.

વડોદરામાં પણ કોંગ્રેસના આગેવાનો સ્તબ્ધ થઈ ગયા હતા જ્યારે અમિષા પટેલે ભાજપના વખાણ કર્યા હતા. કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી જ્યારે ભાજપના ગુજરાત મોડલ પર સવાલ ઉઠાવી રહ્યાં છે ત્યારે અમિષા પટેલે કહ્યું હતું કે ગુજરાતનો વિકાસ સારો થયો છે. કોંગ્રેસના ઉમેદવાર પ્રશાંત પટેલના રોડ શો માં અમિષા પટેલે ગુજરાત મોડલના વખાણ કરી કોંગ્રેસના નેતાઓને ચોંકાવી દીધા હતા.

ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે કોંગ્રેસે વડોદરામાં રોડ શો કર્યો હતો. આ રોડ શો માં અમિષા પટેલ હોવા છતાં લોકો આવ્યા ન હતા. કોંગ્રેસનો આ શો ફ્લોપ સાબિત થયો હતો. આમ પણ વડોદરા બેઠક ઉપર ભાજપના ઉમેદવારો જ જીતતા આવ્યા છે તેથી કોંગ્રેસને આ બેઠક મળવાની સંભાવના ખૂબ ઓછી છે. અમિષા પટેલે સમર્થન કોંગ્રેસને આપ્યું હતું પરંતુ વખાણ ભાજપની સરકારના કર્યા હતા.